# ૧૧ માસ કરાર આધારીત પધ્ધતિથી ભરતી કરવા બાબત

કોર્પોરેશન પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત મેડકીલ ઓફીસરની ૧૧ માસ કરાર આધારીત ૧ (એક) જગ્યા ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોએ તા.19/૦૬/૨૦૨૩ થી 26/૦૬/૨૦૨૩ સુધી સાંજના ૦૬:00 કલાક સુધી આરોગ્યસાથી પોર્ટલની લીંક http://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉપરોકત જગ્યા માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા, ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ અને સંખ્યા | લાયકાત | પગાર પ્રતિ માસ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર<br>કુલ જગ્યા - ૧ | ૧. રાજયના ધારા ધોરણો મુજબ ઉમેદવારે MBBS પાસ કરેલ હોવુ જોઇએ.<br>૨. ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જોઇએ. | ૬૦,૦૦૦/-<br>ફિકસ |

શરતો અને નિયમો :

૧. આ જગ્યાઓ ફક્ત ૧૧ માસ કરાર આધારિત છે. ૧૧ માસ બાદ કરાર આધારિત જગ્યાઓનો આપોઆપ અંત આવશે તથા નવીન કરાર પરર્ફોમન્સના આધારે NHM ની શરતો મુજબ કરાવામાં આવશે. કાયમી નોકરી માટેનો હક્કદાવો કરી શકશે નહીં.

૨. નિમણુક પામેલ ઉમેદવારોની અન્ય જિલ્લામાં બદલી થઇ શકશે નહી.

૩. ઉમેદવારની ફક્ત ઓનલાઈન લિંક https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજીઓ જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/ ટપાલ/ કુરીયર થી મળેલ કે અધૂરી વિગતો વાળી અરજી અમાન્ય ગણાશે.

૪. જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબના તમામ સાધનિક કાગળો અપલોડ કરવાના રહેશે. અધૂરી માહિતી કે ક્ષતીવાળી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહીં.

૫. સુવાચ્ય અસલ પ્રમાણપત્રની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

૬. રસ ધરાવતાં ઉમેદવારો એ તા.19/૦૬/૨૦૨૩ થી તા.26/૦૬/૨૦૨૩ સાંજે ૦૬:૦૦ કલાક સુધી ઉપર જણાવેલ લીંકમાં અરજી કરવાની રહેશે.

૭. વય મર્યાદા માટે જાહેરાત માં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે. એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ તા.26/૦૬/૨૦૨૩ની સ્થિતીને ધ્યાને લેવામાં આવશે.

૮. જાહેરાત અને નિમણૂંક અંગેનો આખરી નિર્ણય અર્બન હેલ્થ સોસાયટી અને નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતોને આધીન રહેશે.